એલાન
The Clarion Call
અંક ૭ અંગત વિતરણ માટે વર્ષ: ૧. ફેબ્રુઆરી ૨૦૧૦

**વિશેષ લેખ**

# લોકતંત્રનું લીલામ

**મુકુલ સિન્હા**

દર વર્ષે તારીખ ૨૬ જાન્યુઆરી આવે છે ત્યારે આપણે ટ્રાફિક સિગ્નલ ઉપર ફાટેલા-તુટેલા કપડાં પહેરેલાં નાનાં-નાનાં બાળકો તેમની પાસેનાં તિરંગી ધ્વજ લાલ બત્તી ઉપર ઉભી રહેલી કારનાં ચાલકને વેચવા દોડતા હોય તેમ નજર પડે છે. “પ્રજાસત્તાક દિન”નાં આગમનથી તેમને એવી આશા બંધાય છે કે તેઓ તેમનાં પ્લાસ્ટિકનાં ધ્વજ વેચીને સારૂં ભોજન જમી શકશે.

ગરીબોએ તો પોતાનું જીવન ટકાવી રાખવા પ્રજાસત્તાક દેશનાં પ્રતિકને વેચવું પડે છે, જ્યારે પૈસાદારો અધિક ધન કમાવવા દેશને વેચી રહ્યાં છે. પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં મુખ્ય મહેમાનોની પસંદગી તેમનાં વ્યક્તિત્વ ઉપરથી નહીં પણ આર્થિક સમજૂતિ દ્વારા થાય છે. આ વર્ષે દક્ષિણ કોરિયાનાં પ્રમુખ મી. લી મીઉંગ બેકને પ્રજાસત્તાક દિનની કૂચ માટે મુખ્ય મહેમાનનાં હોદ્દા માટે આમંત્રિત કરવામાં આવેલ. અનુમાન કરો, શું કારણ હશે? કારણ એ જ છે કે, દક્ષિણ કોરિયા ભારતમાં વિશાળ સ્ટીલ પ્લાન્ટ પોસ્કો સ્થાપવા માટે સૌથી મોટું રોકાણ કરી રહ્યું છે.

પોસ્કો એ વિશ્વની સૌથી મોટી ચોથી લોખંડ ઉત્પાદન કરતી અને સૌથી મોટી સ્પર્ધા કરતી સ્ટીલ કંપની છે. પોસ્કો-ભારતનું આ સંયુક્ત રોકાણ એ અત્યાર



સુધીનું સૌથી મોટું વિદેશી રોકાણ છે. કંપનીનાં વિસ્તરણ માટેની આ મહત્વકાંક્ષી યોજનામાં ૧૯ બીલીયન ડોલરનું રોકાણ થવાનું આશા છે. આજથી પાંચ વર્ષ અગાઉ બંગાળની ખાડીમાં ઓરિસ્સાનાં એક શહેરમાં ભારતની સૌથી મોટી સ્ટીલ મીલ બાંધવાની યોજના પોસ્કોએ ખુલ્લી મુકેલ.

સ્થાનિક વિરોધને લઈને આ યોજનાનો અમલ વિલંબમાં પડી લંબાતો જાય છે અને પોસ્કો સ્ટીલ પ્લાન્ટ માટે ખાત્રીપૂર્વક આપેલ ૪૦૦૦ એકર જમીન પણ પોસ્કો કંપની સુરક્ષિત રીતે મેળવી શકેલ નથી. છેલ્લાં ચાર વર્ષથી પોસ્કો કંપની ઓરિસ્સા જીલ્લાનાં જગતસિદ્ધપુરનાં ત્રીસ હજાર લોકોને તેઓની જમીન જપ્ત કરી હાંકી કાઢવા માંગે છે. પોસ્કો તેમની જમીન ઉપર સ્ટીલ પ્લાન્ટ અને બંદર બનાવવા માંગે છે. જો કે પોસ્કો પ્રતિરોધ સંગ્રામ સમિતિનાં નેજા હેઠળ લોકોએ પોસ્કોનો બહાદુરીપૂર્વક પ્રતિકાર કર્યો છે. અને તેથી જ આ વર્ષે ૨૬મી જાન્યુઆરીનાં રોજ દક્ષિણ કોરિયાનાં પ્રમુખની દિલ્હીની મુલાકાત દ્વારા ભારતમાં સુચિત ૧૯ બીલીયન ડોલરનો રોકાણનો માર્ગ મોકળો થશે. તેવી આશા કોરિયન સ્ટીલ ઉત્પાદકો રાખે છે.

પ્રજાસત્તાક દેશ કે જે લોકો દ્વારા, લોકો માટે અને લોકો વતી બનાવેલો દેશ હોય તેનો હેતુ સામાન્ય માણસને સક્ષમ બનાવવાનો હતો. પરંતુ, આજે તે હરાજીમાં જે સૌથી મોટી બોલી બોલે તેને વેચી દેવામાં આવે છે. આગલા વર્ષે પ્રજાસત્તાક દિવસે તેવું પણ બને કે જગતસિદ્ધપુરનાં બાળકો ટ્રાફિક સિગ્નલ ઉપર જે તિરંગો ધ્વજ વેચતો હશે તે ધ્વજ પાછળ લખ્યું હશે “મેઈડ ઈન દક્ષિણ કોરિયા”. ■

**લેખ**

## એન.એસ.એમ. તા.૩૦ જાન્યુઆરી “ગાંધી નિર્વાણ દિને” ગાંધીજીને યાદ કરે છે

તા. ૩૦ જાન્યઆરી ૧૯૪૮નાં રોજ જ્યારે નથ્થુરામ ગોડસેએ ગાંધીજીનાં દુર્બળ શરીરને ગોળીઓથી વીંધી નાંખેલ ત્યારે તેઓએ રાષ્ટ્રીય પૂંજીવાદનાં એક અસાધારણ નેતાનું ખૂન કર્યું હતું. શાંતિ અને અહિંસાનાં દૂત તરીકેની તેમની છબીએ તેમની લોકનેતાની ઐતિહાસિક ભૂમિકાને દબાવી દીધી છે. આજનાં દિવસે આપણે તેમની રણનીતિઓ કે જેણે બ્રિટીશ સામ્રાજ્યને હલાવી દીધુ તેને યાદ કરીએ છીએ.

ગાંધીજીનો એક રેંટીયા ઉપર સુતર કાંતતો ફોટો ખૂબ જ જાણીતો છે. યુરોપની ઔદ્યોગિક ક્રાંતિને જેણે આગળ ધપાવી તેવી બ્રિટીશની કાપડની મીલોની સામે રેટીંયો સ્વદેશી ચળવળનું એક પ્રતિક હતું અને આમ આ રેટીંયાએ નવા ઉભરી આવતા



ભારતીય પૂંજીપતિઓને એકત્રિત કર્યા. આમ, તેમણે સંઘર્ષનું એક શક્તિશાળી પ્રતિક બનાવી વિદેશી કાપડ અને સામાનનાં બહિષ્કારનું એલાન આપ્યું.

જેને લીધે વ્યાપારમાં રાષ્ટ્રીય મૂડીવાદે સામ્રાજ્યવાદ સામે ટક્કર લીધી. લાખો લોકો જ્યારે શેરીઓમાં વિદેશી કાપડ-માલની હોળી સળગાવવા બહાર આવ્યા તે સામ્રાજ્યવાદ સામેનું સૌથી શક્તિશાળી હથિયાર બન્યું. જો આજે આપણે આ સંદર્ભમાં દાંડીકૂચને યાદ નહીં કરીએ તો તે અધૂરૂં ગણાશે. આમ, તેઓએ એક બાજુ બ્રિટીશ સામ્રાજ્યની સત્તાનો વિરોધ કર્યો જ્યારે બીજી બાજુ રાષ્ટ્રીય ઉત્પાદનને મહત્વ આપ્યું.

છતાં, આજનાં આ વૈશ્વિકરણનાં યુગમાં ભારતીય મૂડીવાદીઓની ઈચ્છા છે કે આપણે ગાંધીજીને ખાલી શાંતિ અને અહિંસાનાં પ્રતિક તરીકે યાદ કરીએ નહીં કે એક સ્વદેશી આંદોલનકારી નેતા, જેઓએ બ્રિટીશ સામ્રાજ્યવાદને ટક્કર આપી. ■

# કોપન હેગન પરીષદ પછી પણ આબોહવામાં ફેરફારોનું નાટક ચાલુ

આબોહવામાં આવેલ ફેરફારો પરની આંતર રાષ્ટ્રીય સંસ્થાએ (આઈ.પી.સી.સી.) મોટા ઉપાડે ગંભીર દાવાઓ કર્યો હતા કે હિમાયલય ઉપરનાં બરફનાં થરો વૈશ્વીક ઉષ્ણતામાનમાં થયેલ વધારાને કારણે ધીરે ધીરે અદ્દશ્ય થઈ જશે અને જેને કારણે હવામાનમાં ખતરનાક પરિવર્તનો આવશે. આઈ.પી.સી.સી.નાં આ જુઠ્ઠાણાઓ ઉઘાડા થઈ ગયેલ છે. જો કે આઈ.પી.સી.સી. એ હવે કબુલ્યું છે કે તેનાં દાવાઓ કોઈ વૈજ્ઞાનિક પુરાવાઓ ઉપર આધારિત ન હતા. અપેક્ષા પ્રમાણે કોપન હેગન પરીષદે આપણાં ગ્રહનાં સંરક્ષણ માટે કાંઈ પણ હાંસિલ કર્યું નથી. ઉલ્ટાનું પ્રાકૃતિક સંસાધનોનો ખોટો વ્યય કરેલ છે.



આઈ.પી.સી.સી.એ ધનિક લોકો અને ધનિક દેશોની વિલાસી રહેણીકરણી જેવા સાચા પ્રશ્નોને ક્યારેય ઉઠાવેલા નથી, જે અંગારવાયુનાં ($CO_2$) માંથા દીઠ ઉત્સર્જનનાં આકડામાંથી પ્રતિબિંબીત થાય છે. આઈ.પી.સી.સી. અમેરિકાનાં આદેશ પ્રમાણે અંગારવાયું ઉત્સર્જનનાં માથાદીઠ માપદંડને સ્વીકારવાની ના પાડે છે. તેને બદલે દેશદીઠ અંગારવાયુનાં ઉત્સર્જનનાં માપદંડને ચાલુ રાખવા જણાવે છે અને તેને કારણે દોષનો ટોપલો ચીન અને ભારતનાં માથે ઢાળવામાં આવે છે કે તેઓ વધુ વસ્તીને કારણે સારી એવી માત્રામાં અંગારવાયુનું ઉત્સર્જન કરે છે જે સાચુ નથી.

ન્યુ સોશીયાલીસ્ટ મુવમેન્ટ (NSM) એ સરેરાશ વાર્ષિક ઉષ્ણતામાનનાં આંકડાનો ઉપયોગ કરીને ભારતની સરખામણીમાં વિવિધ દેશો દ્વારા થતાં માથાદીઠ અંગારવાયુંનાં ઉત્સર્જનનાં પ્રમાણની ગણતરી કરેલ છે અને આ આંકડા ખરેખર આંખ ઉઘાડનારા છે. ઓસ્ટ્રેલિયા સૌથી વધારે અંગારવાયુનું ઉત્સર્જન કરે છે. (ગુણોતર ૧૧.૧) ત્યાર પછી ક્રમ આવે છે સાઉદી અરેબીયાનો (૭.૮), યુ.એસ.એ. (૬.૭), કેનેડા (૩.૮), જાપાન (૩.૫), યુરોપ (૨.૬), રશિયા (૨.૫), બ્રાઝિલ (૧.૨), ચીન (૧.૨) અને ભારત (૧.૦). આમ માથાદીઠનાં માપદંડ મુજબ ચીન અને ભારત સૌથી ઓછુ અંગારવાયુનું ઉત્સર્જન કરે છે.

યુરોપની સરખામણીમાં યુ.એસ.એ.નું માથાદીઠ અંગારવાયુ ઉત્સર્જન ૨.૬ ગણુ છે. અહીં સવાલ એ ઉભો થાય છે કે શા માટે આઈ.પી.સી.સી. આ હકીકત તરફ ધ્યાન નથી આપતું અને માંગ નથી કરતું કે યુ.એસ.એ. માથાદીઠ અંગાર વાયુનું ઉત્સર્જન ઘટાડીને યુરોપનાં દેશો જેટલું કરે. જો આમ કરવામાં આવે તો ખાલી યુ.એસ.એ.માંથી ૩.૭ બીલીયન ટનનાં અંગારવાયુંનાં ઉત્સર્જનમાં ઘટાડો થશે અને પૃથ્વીનાં ઘણાં પ્રશ્નો હલ થઈ શકશે. પરંતુ, આઈ.પી.સી.સી. અને સંયુક્ત રાષ્ટ્રોની ઘણી બધી સંસ્થાઓનો ખર્ચ યુ.એસ.એ. દ્વારા ઉઠાવવામાં આવે છે. તેથી તેઓ યુ.એસ.એ.ને કેવી રીતે કહી શકે કે દોષિત છે. જે ડાળ ઉપર બેઠા હોય તે ડાળ કપાય ખરી?

ભારતની કફોડી સ્થિતિ તો એ છે કે આપણાં પર્યાવરણ પ્રધાન શ્રી જયરામ રમેશ પણ માથાદીઠ માપદંડ સ્વીકારવા તૈયાર નથી અને તેઓ પણ દેશદીઠ ઘટાડાનાં પ્રમાણને ટેકો આપે છે. જે માપદંડ માત્ર ધનીક દેશોને મદદ કરશે. NSM શ્રી જયરામ રમેશ, આઈ.પી.સી.સી. અને ધનિક દેશોને બે પ્રશ્ન પુછવા માંગે છે, (૧) યોગ્ય રોજીંદા આહાર માટે ખોરાકનો જથ્થો માથાદીઠનાં આધારે નક્કી કરવામાં આવે છે કે દેશ દીઠ? જો દેશનાં આધારે નક્કી કરવામાં આવશે તો સરેરાશ ભારતીયને દિવસમાં ફક્ત એકવાર જ જમવા મળશે જ્યારે તેની સરખામણીમાં અમેરિકનોને ૬ વખત અને યુરોપીયનોને ૩ વખત જમવા મળશે. (૨) શુ માનવ, શ્વાસોચ્છશ્વાસમાંથી અંગાર વાયુનું ઉત્સર્જન માથાદીઠ થાય છે કે દેશદીઠ? અને જો તે દેશદીઠનાં ધોરણે થયું હશે તો આઈ.પી.સી.સી. યુ.એસ.એ. અને અન્ય ધનિક દેશોની ઈચ્છાને સંતોષવા માટે દર ત્રણમાંથી બે ભારતીયોને ગુંગળાવીને મારવા પડશે.

ન્યુ સોશીયાલીસ્ટ મુવમેન્ટ સ્પષ્ટપણે માને છે કે અંગારવાયું ઉત્સર્જનનાં ધોરણની ગણતરી કરતી વખતે માત્ર માથાદીઠ ઉત્સર્જનનાં માપદંડનો આધાર લે, નહીં કે દેશદીઠ અને યુ.એસ.એ. અને પર્યાવરણને નાશ કરતાં બીજા દેશો ઉપર અંકુશ મુકી તેઓને યુરોપનાં દેશોનો માપદંડ અપનાવવાનું કહેવામાં આવે. જેથી કરી ભારત અને ચીન જેવા ગરીબ દેશોને તેમનાં નાગરિકોનાં જીવનધોરણને સુધારવાની તક મળી રહે. તેમાં કોઈ બે મત નથી. કે ઉર્જાની કાર્યક્ષમતા સુધારવા માટે નવી ટેકનોલોજીનો વિકાસ અને ઉપયોગ કરવા જોઈએ જેનાથી અંગારવાયુનાં ઉત્સર્જનમાં ઘટાડો થાય અને આપણું પર્યાવરણ જળવાઈ રહે. ■

## સમાચાર

# ચંડોળા તળાવ પાસે વસતા ઝુપડાવાસીઓને બાંગ્લાદેશ મોકલવાનાં મામલે હાઈકોર્ટમાં રીટ

**એસ.એચ. ઐયર**

ચંડોળા તળાવની આસપાસ વસતા ઝુંપડાવાસીઓ ખરેખર "બાંગ્લાદેશનાં નાગરિકો છે?" શું તેઓને કોઈ સક્ષમ અદાલતે "વિદેશ નાગરિક" ઠરાવ્યા છે? શું તેમની ધરપકડ કરવાનો કે અટકમાં રાખવાનો કે બાંગ્લાદેશ મોકલી આપવાનો કોઈ કોર્ટે હુકમ કર્યો છે? પોલિસે ક્યારે અને શા માટે ધરપકડ કરી અટકમાં રાખ્યા? - આ તમામ સવાલોનો જવાબ આપવા ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટીસ શ્રી એસ.જે. મુખોપાધ્યાય અને જસ્ટીસ શ્રી અનંત એસ. દવેની ડીવીઝન બેન્ચે રાજ્ય સરકાર સામે નોટિસ કાઢી ૮મી ફેબ્રુઆરી પહેલાં જવાબ રજુ કરવામાં આવેલ જાહેર હિતની અરજીમાં નામદાર હાઈકોર્ટને જણાવવામાં આવ્યું છે કે અમદાવાદ ક્રાઈમબ્રાંચ હેઠળ સ્પેશ્યલ ઓપરેશન ગૃપની પોલિસે એપ્રિલ-૨૦૦૯માં ચંડોળા તળાવની આસપાસ વસતા અનેક ગરીબ ઝુંપડાવાસીઓ - પુરૂષો, સ્ત્રીઓ અને બાળકોને "બાંગ્લાદેશી" ગણાવી તેમની ધરપકડ કરી ગેરકાયદે અટકાયત કરી હતી અને ત્યાર બાદ તબક્કાવાર તેઓને બાંગ્લેદેશ મોકલી આપવામાં આવ્યાં હતાં. જનસંઘર્ષ મંચે જણાવ્યું હતું કે આ તમામ ઝુંપડાવાસીઓ અને તેમનાં બાળકો ભારતનાં નાગરિકો છે. પોલિસે તેમની ગેરકાયદેસર ધરપકડ કરી અટકમાં રાખ્યા હતાં. તેઓને સક્ષમ અદાલત દ્વારા "વિદેશી નાગરિક" જાહેર કરવામાં આવ્યા નથી. બાંગ્લાદેશ પરત મોકલવામાં માટે ગુજરાત પોલિસે ફોરેનર્સ એક્ટ હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલનો હુકમ મેળવ્યો નથી. પોલિસ કાયદાની પ્રક્રિયા પરિપૂર્ણ કર્યા વગર ખરેખર ભારતનાં નાગરિકોને અન્ય દેશને સોંપી દીધા છે.

કેસની વધુ સુનાવણી તા. ૮.૨.૨૦૧૦નાં રોજ હાથ ધરવામાં આવશે. ■

# જી.એફ.ટી.યુ. સાથે સંલગ્ન ઈંટ-ભઠ્ઠા યુનિયનનાં નેજા હેઠળ ઈંટ-ભઠ્ઠા કામદારોનો સંઘર્ષ

**રમેશ શ્રીવાસ્તવ**



ગુજરાતની ગગનચુંબી ઇમારતોમાં બેઠેલા લોકોને ખબર પણ નથી કે આ ઇમારતો જેનાં ઉપર બંધાયેલ છે તે ઈંટો બનાવી આપનાર મજુરોની હાલત કેટલી કફોડી છે. ગુજરાતમાં ઈંટ-ભઠ્ઠામાં કામ કરતાં મોટા ભાગનાં કામદારો રાજસ્થાન, છત્તીસગઢ અને ઉત્તર પ્રદેશ જેવા પરપ્રાંતમાંથી આવતાં મજુરો હોય છે. આ મજુરો આતંર-પ્રાંતિય હોવાથી તેઓને આંતર રાજ્ય પ્રવાસી મજુર અધિનિયમલાગુ પડવો જોઈએ પરંતુ વર્ષોથી ગુજરાતનાં એક પણ ભઠ્ઠામાં આ અધિનિયમલાગુ કરાયેલ નથી. તેથી તેઓને આ અધિનિયમ હેઠળ મળતા તમામ લાભોથી વંચિત રહેવું પડે છે. અને સરકાર તે સામે આંખ આડા કાન કરે છે અને આ અધિનિયમનો અમલ ન કરવા બદલ ભઠ્ઠા માલિકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

ગુજરાતનાં આ હજારો મજુરોએ પોતાની સત્તર માંગણીઓને લઈને તા. ૧૪.૧.૨૦૧૦ થી ૨૫.૧.૨૦૧૦ સુધી જડબે સલાક હડતાળ પાડી. તા. ૧૫.૧.૨૦૧૦નાં રોજ અડાલજમાં મહાસભા યોજવામાં આવી. માલિકોએ સ્થાનિક પોલિસની મદદથી આ મીટીંગને રોકવા તમામ પ્રયત્નો કર્યા પરંતુ, કામદારોએ પોતાની અભૂતપૂર્વ એકતાનો પરિચય આપ્યો અને મોટી સંખ્યામાં સભા કરેલ તા. ૧૯ જાન્યુઆરી રોજ ઈન્કમટેક્ષ સર્કલ પાસે કામદારોએ બીજી રેલી અને ધરણા કરેલ અને તેમની માંગણીઓ મજૂર સત્તાવાળા સમક્ષ મુકેલ.

૧૨ દિવસની હડતાળ પછી પણ માલિકો દ્વારા કોઈ પ્રતિભાવ ન મળતા તા. ૨૫.૧.૨૦૧૦નાં રોજ સભા હનુમાન મંદિર, અડાલજ ખાતે યોજવામાં આવેલ મીટીંગમાં તમામ કામદારો અને આગેવાનોએ માલિકોનાં આ વલણ વિરૂદ્ધ પોતાના વતન પાછા જવાનો અને આવી ગુલામી ન કરવાનો નિર્ણય કર્યો.

પરંતુ, ઈંટ ભઠ્ઠાનાં માલિકોએ તેમને ઘરે ન જવા દીધા કારણ કે તેમને ગુજરાતમાં લાવવા માટે મુકદ્દમ દ્વારા અગાઉથી પૈસા આપેલ હતાં. જે તેઓ પરત માંગતા હતા. ઈંટ-ભઠ્ઠા મજદૂર યુનિયને ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી કે તેમની પાસે પરત કરવા પૈસા ન હોવાથી તેઓને બંધવા મજદૂર તરીકે જબરજસ્તીથી કામલેવામાં આવે છે. કામદારોએ આ બારામાં ગાંધીનગરનાં સુપ્રીન્ડન્ટ ઓફ પોલિસ અને બીજા અધિકારીઓને જાણ કરેલ પરંતુ તેઓએ કોઈ પણ કાર્યવાહી કરેલ ન હતી.

જસ્ટીસ શ્રી અકીલ કુરેશીએ કામદારોની કફોડી હાલતની ગંભીર નોંધ લઈને ગાંધીનગરનાં એસ.પી. અને કલેક્ટરને આદેશ આપ્યો કે તેઓ આ ગાંધીનગરનાં ઈંટનાં ભઠ્ઠાની મુલાકાત લે અને તેમની પરિસ્થિતિ અંગે અહેવાલ તૈયાર કરે અને ભઠ્ઠાનાં કામદારોને બંધુવા મજદૂરમાંથી મુક્તિ અપાવવા જરૂરી પગલાં લે. ૧૬ ફેબ્રુઆરીએ આ કેસની ફરી સુનાવણી થશે.

પણ એ સંઘર્ષનાં અંતે કામદારો અને તેમનાં સંગઠને ઉંચા વેતન માટે અને સારી સુવિધા માટે સંઘર્ષ ચાલુ રાખવા કટીબદ્ધ છે. ■



# "દેવ" ફિલ્મનો નાયક ગુજરાતનો બ્રાન્ડ એમ્બેસેડર

**નિર્ઝરી સિન્હા**

ગુજરાતમાં સામાન્ય રીતે લોકોનું માનવું છે કે ગુજરાતમાં દારૂબંધીની નીતિને કારણે પ્રવાસન ઉદ્યોગ વિકસ્યો નથી. શ્રી અમિતાભ બચ્ચને પ્રવાસન ઉદ્યોગનાં વિકાસ માટે ગુજરાત સરકારનાં નવા 'બ્રાન્ડ એમ્બેસેડર' બનાવવાનાં પ્રસ્તાવનો સ્વીકાર કર્યો છે.શું તેઓની જાણીતી "મધુશાલા"ને ગુજરાતમાં લાવવા માંગે છે? ગુજરાતનાં મહાન એમ્બેસડર મહાત્મા ગાંધીને મધુશાલાનાં નામથી આંચકો લાગ્યો હોત.

નરેન્દ્ર મોદી દ્વારા પાઠવવામાં આવેલ પત્રનો સ્વીકાર કરતાં શ્રી બચ્ચને કહ્યું "તમે મને ખૂબ જ આદરથી ગુજરાતનાં બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણુંક કરી છે તે માટે હું આપનો આભારી છું અને આશા રાખું છું કે આપણે સાથે મળીને ગુજરાતનાં વિકાસ માટે કામ કરીશું."



રાજ્યનાં ભલા માટે કોઈ પણ કામ કરવા ઈચ્છે તો તે આવકાર્ય છે. પરંતુ, આ કિસ્સામાં શરૂઆત "પા" ફિલ્મની કરમુક્તિથી શરૂ થાય છે. એમ પણ કહેવાય છે કે અમિતાભ બચ્ચન ગુજરાતમાં એક ફિલ્મ સંસ્થા સ્થાપવા માંગે છે અને તે માટે ગુજરાતમાં તેઓને જમીનની જરૂર છે. આમ, આ તો પરસ્પરનાં લાભ માટેની સમજૂતી છે.

રાજીવ ગાંધી સાથે મિત્રતા, શ્રી અમરસિંહને આભારી (એબીસીએલને દેવામાંથી ઉગારવા માટે) અને આજનાં નરેન્દ્ર મોદીનાં બ્રાન્ડ એમ્બેસેડર તરીકેનાં આ ત્રણે સંબંધો વિરોધાભાષી છે અને આ ત્રણેની ભૂમિકા એક બીજાથી ભિન્ન છે. પરંતુ, ભૂમિકાઓ ભજવવામાં શું અમિતાભ બચ્ચન સર્વોત્તમ કલાકાર નથી? ગોવિંદ નિહલાનીની "દેવ" ફિલ્મમાં તેઓએ પોલિસ ઓફિસરનું પાત્ર ભજવ્યું હતું. જેણે ૨૦૦૨નાં ગુજરાત રમખાણનાં પરિપેક્ષમાં એક લઘુમતિ યુવકને બાચાવવા પોતાનાં જીવનનું બલિદાન આપ્યું હતું. આ ફિલ્મમાં મુખ્યમંત્રી તેમને કહે છે કે પોલિસ ગોળીબારમાં મરેલી વ્યક્તિઓમાં હિન્દુ-મુસ્લિમોનું પ્રમાણ યોગ્ય નથી. શું શ્રી બચ્ચનને તેમની આ યાદગાર ભૂમિકા યાદ છે? અને તે પણ યાદ રાખવું જરૂરી છે કે ન્યાય અને શાંતિ વગર સાચો વિકાસ શક્ય નથી. ■

# જ્યોતિબાબુને અલવિદા

**મુકુલ સિન્હા**

જ્યોતિબાબુનું જીવન અંતર વિરોધોનાં સંપૂર્ણ અભ્યાસનો વિષય બની શકે છે; કારણ કે, “મુડીવાદી સંસદ દ્વારા સમાજવાદના માર્ગ” થી દૂર રહેવાની વાત કહેતા “મહાન વિવાદ” (The Great Debate) નાં સમયગાળા દરમ્યાન જ આ નેતાનો ઉદય થયો, પરંતુ, તેઓ મૂડીવાદી વિધાનસભામાં સૌથી લાંબા સમય માટે સામ્યાવાદી મુખ્યમંત્રી તરીકે હોદ્દા પર રહેવા માટે હંમેશા યાદ રહેશે. તેમનો સર્વોત્તમ ઉછેર એક ધનાઢ્ય બંગાળી કુટુંબમાં થયો, કાયદાકીય શિક્ષણ લંડનમાં લીધુ, બીજા વિશ્વયુદ્ધનાં ગાળા દરમ્યાન માર્કવાદી વિચારોથી રંગાયા, જ્યોતિબાબુ એક રહીશ સામ્યવાદી તરીકે ઉભરી આવ્યા. એક ગંભીર પ્રવૃત્તિનાં નેતા કે જેમણે એક પરિવારનાં મુખિયા તરીકે તેમનાં પક્ષને સરકારને અને લોકોને સંભાળ્યા. પરંતુ, તેમનું નેતાગીરી તરફનું ચઢાણ ઉદ્દાતાવાદી હતું.

૧૯૬૦નાં દાયકાનાં શરૂઆતનાં વર્ષોમાં સોવિયેત યુનિયનની સામ્યવાદી પાર્ટી (CPSU) અને ચીનની સામ્યવાદી પાર્ટી (CPC) વચ્ચેનાં પ્રાથમિક મતભેદો આ પ્રમાણે હતા: (૧) શું એક દેશમાં સમાજવાદની સ્થાપના થઈ શકે ખરી? (૨) શું સમાજવાદી વ્યવસ્થા અને મૂડીવાદી વ્યવસ્થા એક સાથે રહી શકે ખરી? (૩) શું સામ્યવાદી પક્ષો મૂડીવાદી સંસદીય પ્રણાલીનો ઉપયોગ સમાજવાદીની સ્થાપના કરવા માટે કરી શકે ખરી? સોવિયેત યુનિયનની સ્થાપના બાદ વર્ગ સંઘર્ષનો અંત આવ્યો છે એવા CPSU નાં સિદ્ધાંતમાંથી આ ત્રણ પ્રશ્નો ઉદ્ભવ્યા.

આ સવાલો બાબતે જે વાદ-વિવાદ થયો તે “મહાન વિવાદ” તરીકે ઓળખાયો, જેનાં કારણે સમગ્ર દુનિયાનાં સામ્યવાદી પક્ષોમાં ફૂટી પડી. અવિભાજીત ભારતીય સામ્યવાદી પક્ષ (CPI) માં પણ ૧૯૬૪માં ભાગલાં પડ્યા અને ભારતીય સામ્યવાદી પક્ષ (CPI) અને ભારતીય સામ્યવાદી (માર્કસવાદી) બન્યા. નાબુદીપાદ અને જ્યોતિબાબુનાં નેતૃત્વમાં CPI(M) એ સંસદીય માર્ગ દ્વારા સમાજવાદની સ્થાપના થઈ શકે એવા CPSU નાં સિદ્ધાંતનો વિરોધ કર્યો.



૧૧ એપ્રિલ, ૧૯૬૪માં મળેલી સીપીઆઈની રાષ્ટ્રીય કાઉન્સીલની બેઠકમાં જ્યોતિબાબુએ કાઉન્સીલનાં ઉદ્દમવાદી સભ્યોનો પક્ષ લીધો અને ડાંગે અને તેમના અનુયાયીઓને એક્તા-વિરોધી અને સામ્યવાદી નીતિઓનાં વિરોધીઓ તરીકે આક્ષેપ કર્યો અને વિરોધરૂપે બેઠકોનો બહિષ્કાર કર્યો. ત્યાર બાદ તેમણે જુલાઈ ૭ થી ૧૧ દરમ્યાન આંધ્રપ્રદેશમાં તેનાલી ખાતે સંમેલનનું આયોજન કર્યું. તેનાલી સંમેલનમાં મુકવામાં આવેલ માઓ-ત્સે-તુંગનું એક વિશાળ પોસ્ટર ઉદ્દામવાદી જુથનો ઝુકાવ દર્શાવતું હતું.

સને ૧૯૬૭માં પશ્ચિમ બંગાળનાં ઉત્તરીય વિસ્તાર નક્સલબારીમાં ખેડૂતોનો બળવો ફાટી નીકળ્યો. આ બળવાનું નેતૃત્વ CPI(M) નાં કટ્ટરપંથી નેતા શ્રી ચારૂ મજુમદાર અને કનુ સન્યાલે લીધું હતું. CPI(M) નાં કટ્ટરપંથીઓએ નક્સલબારી ચળવળમાં ભારતીય ક્રાંતિની ચિનગારી જોઈ. ચીનની સામ્યવાદી પાર્ટીની સેન્ટ્રલ કમીટી (કેન્દ્રીય સમિતિ)નાં મુખ પત્ર “પિપલ્સ ડેઈલી”માં, નક્સલવાદી ચળવળને અભિવાદન કરતો, ૫ જુલાઈ ૧૯૬૭માં “સ્પ્રીંગ થન્ડર ઓવર ઈન્ડિયા” નામનો તંત્રી લેખ પ્રકાશિત કરવામાં આવ્યો. CPI(M) જેમાં એક મોટો ભાગીદાર પક્ષ હતો, તેવી પશ્ચિમ બંગાળની સરકારે નક્સલવાદી ચળવળને હિંસકરૂપે દબાવી દીધી, જેનાં કારણે તાત્કાલિક CPI(M) અને ચીનની સામ્યવાદી પાર્ટી CPC નાં સંબંધોમાં તિરાડ પડી, તે વખતે પશ્ચિમ બંગાળની સરકારમાં શ્રી જ્યોતિબાબુ ગૃહમંત્રી હતાં.

આમ, જ્યોતિબાબુનાં ઉદ્દામપણાનો અંત આવ્યો અને ત્યાર પછીનાં દશકમાં (૧૯૬૭ થી ૧૯૭૭) તેમણે CPI ની સંસદીય માર્ગની નીતિ તરફ પીછેહઠ કરી. ૧૯૭૭માં તેઓ CPI(M) નાં નેતા તરીકે પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી બન્યા, જે હોદ્દો તેમણે સને ૨૦૦૦ તેમની નિવૃત્તિ સુધી જાળવી રાખ્યો. “ગ્રેટ ડિબેટ (મહાન વિવાદ)”નાં યુગથી તે મૂડીવાદી વિધાનસભામાં સૌથી લાંબા સમય સુધી સામ્યવાદી મુખ્યમંત્રી રહ્યાં. સાચેજ, એક લાંબી કૂચ છે. જ્યોતિબાબુ, અમે આપને અંતિમ લાલ સલામતો આપી શકીએ તેમ નથી પણ અમે જરૂરથી કહીશું, અલવિદા જ્યોતિબાબુ! ■

## LEFT ALIGNMENT




**ભાવ-વધારા માટે મને દોષી ના ઠરાવો!**

**તંત્રી મંડળ**
રાજેશ માંકડ
નિર્ઝરી સિન્હા
પ્રવિણ મિશ્રા
શ્રીરામ અનંત

પ્રકાશક:
**ન્યુ સોશીયાલીસ્ટ મુવમેન્ટ**
૨૦૬, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ, વી.એસ. હોસ્પિટલ પાસે
એલિસ બ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬, ગુજરાત, ભારત
ફોન: +૯૧-૭૯-૨૬૫૭ ૭૨૮૦
ઈ-મેલ: contact@nsm.org.in

www.nsm.org.in
elaanmonthly.blogspot.com